અપીલ અરજી નં.૪૧૩ તા.૨૪–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સુરેશ એમ. પટેલ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલની તા.૨૪–૨–૧૧ની અરજીથી (૧) સુરત શહેર બેગમપુરા ભટ્ટીશેરી ઘ.નં.૪/૨૧૭ વાળી મિલકતના માલીકે જુની મિલકત ઉતારીને નવી મિલકત બાંધકામ કરવા માટે આર્કીટેક દેવેન્દ્ર રંગરેજ પાસે જરૂરી પ્લાન બનાવડાવીને મંજુરી માટે સુ.મ.પા.માં રજુ કરેલ તે બાબતે સુ.મ.પા. તરફથી કેટલા માળ બાંધકામ કરવા માટે પ્લાન મંજુર કરી આપવામાં આવેલ. વિ. મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૪–૩–૧૧ ની **SMC/FAP/** નં.૪૧૩/૨૦૧૦–૧૧

શ્રી સુરેશ એમ. પટેલની તા.૨૪–૨–૧૧ની અરજીથી (૧) સુરત શહેર બેગમપુરા ભટ્ટીશેરી ઘ.નં.૪/૨૧૭ વાળી મિલકતના માલીકે જુની મિલકત ઉતારીને નવી મિલકત બાંધકામ કરવા માટે આર્કીટેક દેવેન્દ્ર રંગરેજ પાસે જરૂરી પ્લાન બનાવડાવીને મંજુરી માટે સુ.મ.પા.માં રજુ કરેલ તે બાબતે સુ.મ.પા. તરફથી કેટલા માળ બાંધકામ કરવા માટે પ્લાન મંજુર કરી આપવામાં આવેલ. વિ. મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૪–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૦૮ તા.૩૦–૩–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ બાદ કોઈ માહિતી મળેલ હોય તો વિગતસહ નારાજગી રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૬૯ તા.૧૫–૪–૧૧ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૯૧૪ તા.૨૩/૨૮–૩–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૬–૪–૧૧ નો પત્ર તથા જાહેર માહિતી અધિકારી તરફથી આપેલ માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/૧૯૧૪ તા.૨૩/૨૮–૩–૧૧ ના પત્રની નકલ તથા તા.૩૧–૩–૧૧ ની અરજીની નકલ અત્રે પૂરક વિગતોમાં મળેલ છે.

અરજદારની તા.૨૪–૨–૧૧ ની અરજીથી બેગમપુરા ભટ્ટીશેરી ઘ.નં.૪/૨૧૭ વાળી મિલ્કતની બાંધકામ બાબતેની મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે સમય મર્યાદામાં માહિતી મળેલ નથી તથા તે અંગે પ્રતિભાવ મળ્યો નથી તેવું જણાવી અરજદારે તા.૨૪–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૯૧૪ તા.૨૩/૨૮–૩–૧૧ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે અરજદારે તા.૬–૪–૧૧ ના પત્રથી મુદ્દા વાઈઝ નારાજગી વ્યકત કરેલ છે. અપીલમાં મુદ્દા નં.૧ બાબતે જેમાં અરજીના મુદ્દા ન.(૧) સુરત શહેર બેગમપુરા ભટ્ટીશેરી ઘ.નં.૪/૨૧૭ વાળી મિલકતના માલીકે જુની મિલકત ઉતારીને નવી મિલકત બાંધકામ કરવા માટે આર્કીટેક દેવેન્દ્ર રંગરેજ પાસે જરૂરી પ્લાન બનાવડાવીને મંજુરી માટે સુ.મ.પા.માં રજુ કરેલ તે બાબતે સુ.મ.પા. તરફથી કેટલા માળ બાંધકામ કરવા માટે પ્લાન મંજુર કરી આપવામાં આવેલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ નં.૪ નોંધ નં.૨૧૭ વાળી મિલ્કતનો પ્લાન શ્રી વનમાળીદાસ મંગળદાસ અને અન્યોના નામે સેન્ટ્રલઝોન કક્ષાએ ઓફિસની રજાચિઠ્ઠી નં.સે.ઝોન/આ.નં.૧૮૧ થી તા.૨૪–૯–૦૯ થી મંજુર કરવામાં આવેલ છે અને આર્કી. શ્રી વિજય પી. ગજજર ધ્વારા પ્લાન મંજુર કરાવવામાં આવેલ છે. હાલમાં આર્કી. તરીકે શ્રી દેવેન્દ્ર રંગરેજ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૧ બાબતે અરજદારની કોઈ તકરાર પૂરક વિગતોમાં નથી. (૨) બાંધકામ થઈ ગયા બાદ મિલ્કતના માલીકે વસવાટની પરવાનગી સુમપા પાસે લેવામાં આવેલ છે કે નહીં. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં વસવાટની પરવાનગી અંગેની માહિતી સેન્ટ્રલઝોનના રેકર્ડ પર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૨ માં અરજદારે માહિતી ખોટી છે અને બાંધકામની મંજુરી આપેલ હોય તો સુપરવાઈઝરની મુલાકાતોની એન્ટ્રી સુમપાએ કરેલ નથી, બીયુસી લેવામાં આવેલ નથી કે ફરજ પાડવામાં આવેલ નથી તેવી રજૂઆત કરેલ છે પરંતુ બીયુસી મેળવેલ છે કે નહીં તે અંગેના કોઈ આધાર પુરાવા રજૂ કરેલ નથી. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળની પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. (૩) ૪/૨૧૭ વાળી મિલ્કતના માલીકે સુમપા પાસે જે પ્લાન મંજુર કરાવેલ તે મુજબનું સ્થળ પર બાંધકામ કરવામાં આવેલ છે કે કેમ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં સ્થળ ઉપરની બાંધકામની માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. જેમાં અરજદારે અપીલની પૂરક વિગતોમાં માહિતી ખોટી આપવામાં આવેલ છે બાંધકામ ચાલુ થાય ત્યાંથી બાંધકામ પુરું થાય ત્યાં સુધી સ્થળ તપાસ કરવી જોઈએ જેથી તે રેકર્ડ ઉપર નથી તેવું જણાવે છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળની પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. (૪) સુમપા તરફથી ૪/૨૧૭ વાળી મિલ્કતના માલીકને નવું બાંધકામ કરવા માટે પ્લાન રહેઠાણ માટે કે અન્ય ઉપયોગ માટે પ્લાન મંજુર કરેલ પ્લાન કઈ તારીખે અને કઈ સાલમાં મંજુર કરેલ તેની રજાચિઠ્ઠીની નકલ ફાળવવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ નં.૪ નોંધ નં.૨૧૭ વાળી મિલ્કતનો પ્લાન શ્રી વનમાળીદાસ મંગળદાસ અને

અન્યોના નામે સેન્ટ્રલઝોન કક્ષાએ ઓફિસની રજાચિઠ્ઠી નં.સે.ઝોન/આ.નં.૧૮૧ થી તા.૨૪–૯–૦૯ થી મંજુર કરવામાં આવેલ છે અને આર્કી. શ્રી વિજય પી. ગજજર ધ્વારા હાલમાં મંજુર કરાવવામાં આવેલ છે. હાલમાં આર્કી. તરીકે શ્રી દેવેન્દ્ર રંગરેજ છે. પ્રશ્નવાળી મિલ્કતમાં ૮૪.૨૨ ચો.મી. ગ્રા.ફલોર પર પાર્કીગ તથા ત્રણ માળનો પ્લાન મંજુર કરવામાં આવેલ છે જેની રજાચિઠ્ઠીની નકલ રૂા.૨/– ભર્યેથી મળી શકશે. તથા પ્લાન રૂા.૪૦૦/– ભર્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારને અપીલ તબકકે માહિતી ખોટી આપવામાં આવેલ છે તેવું જણાવી જેમાં ગ્રા.ફલોર પર ૮૪.૨૨ ચો.મી. પાર્કીગ માટે મંજુર કરેલ છે તેવું જણાવેલ છે. તેનો મતલબ એ થાય કે સદર મિલ્કતમાં માલીકીએ સ્થળ પર ગ્રા.ફ ૫૫ થી ૫૭ ફુટ પાર્કીગ રાખવાનું અને ત્યાર બાદ ત્રણ માળનું બાંધકામ કરવાનું તે પણ ઓટીએસ પ્લાનમાં બતાવ્યા મુજબ છોડી બાંધકામ કરવાનું તેવો મતબલ થાય તેવી અનુમાનિત રજૂઆત કરેલ છે. જયારે સ્થળ પર આવુ કંઈ નથી સ્થળ પર ગ્રા.ફ. પર ૮ ફુટનું પાર્કીગ છે અને ત્રણ માળમાં જે ઓટીએસ છોડવાના છે તે છોડવાનું પણ આવેલ નથી તેમજ બિલ્ડીંગની ઉંચાઈ પણ વધારે રાખવામાં આવેલ છે તેથી બાંધકામ તદૃન ખોટું છે તેવી રજૂઆત કરવામાં આવેલ છે. તેમજ સુમપાના જુની. ઈજનેરે પ્લાન મંજુર થાય કે બિલ્ડીંગના બાંધકામ ચાલુ થાય ત્યાંથી બાંધકામ બંધ થઈ જાય ત્યાં સુધી સ્થળ તપાસ કરવામાં આવેલ અને રોજ રોજ રીપોર્ટ કરવામાં આવે તો ખોટા બાંધકામ થાય નહીં તેવી રજૂઆત કરેલ છે. આમ અરજદારે સદર રજુઆત અરજદારની મુળ અરજીથી અલાયદી અપીલ તબકકે અનુમાનિત બાંધકામની રજૂઆત કરેલ છે. આમ અરજદારે આવી રજૂઆત સક્ષમ સત્તાને કરવાની રહે છે.

જે બાબતે અરજદારે અપીલ તબકકે પાઠવેલ પત્રની સાથે પૂરક વિગતોમાં તા.૩૧–૩–૧૧ ના પત્રથી માહિતી ૩૦ દિવસમાં મળેલ નથી તેથી રૂા.૪૦૨/– ભરવાના થતા નથી અને ફી માં માહિતી પૂરી પાડવા જણાવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ સમય મર્યાદામાં માહિતી અંગે હુકમ કરેલ છે પરંતુ ડીસ્પેચ ઉપરનો નિકાલ સમય મર્યાદા બાદ દિન–૩ ના વિલંબથી મોકલવામાં આવેલ છે આથી અરજદારની તેટલા પૂરતી રજૂઆત ગ્રાહય રાખવામાં આવે છે. જાહેર માહિતી અધિકારી અરજદારને કલમ–૭(૧) સાથે ૭(૩) હેઠળ નિયત સમય અવધિમાં દસ્તાવેજ ફી ભરવાનો પત્ર રવાના કર્યાના આધાર કે સમર્થન રજૂ કરવામાં અપીલ તબકકે સફળ રહેલ નથી. અત્રે એ પણ પ્રસ્તુત છે કે અરજદારે મુદ્દા નં.૪ અંગે રજાચિઠ્ઠીની નકલ માંગેલ છે. હકીકત જોતાં રજાચિઠ્ઠીની નકલ વિના મુલ્યે મેળવવા પાત્ર થાય.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૨ અને ૩ ની આપેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી કચેરીના કામકાજ દરમ્યાન દિન–૭ માં બાબત હેઠળના બાંધકામ બાબતેની લાગત ફાઈલ કે નોંધણી રજીસ્ટરોનું દફતરનું ઈન્સ્પેકશન કરી માહિતી રેકર્ડ ઉપર હોવાની ખરાઈ કરી શકે છે અને જરૂર જણાયે ઉતારો પણ કરી શકે છે. જે અંગે અરજદારે કલમ–૭(૩) સાથે નિયમ –૫ હેઠળની લાગુ કિસ્સામાં નિયત ફી ભરપાઈ કરવાની રહેશે. અરજદારની તેવી માંગણી થયેથી દિન–૭ માં અમલવારી કરવા ઝોનચલીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે. જયારે મુદ્દા નં.૪ ની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે. અરજદારે મુળ અરજીથી અપીલ તબકકે ઉપસ્થિત કરેલ પૂરક પ્રશ્ન અંગે લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી સુરેશ એમ. પટેલ,